**મે. મજુર અદાલત, અમદાવાદનાં ન્યાયાધીશ શ્રી એ.એમ. શેખ સાહેબ સમક્ષ.**

**ટી–અરજી નં.૭૦/૨૦૧૨**

**આંકઃ–૧૬**

**અરજદાર : શ્રી કીરીટ શામજીભાઈ**
ઠે.૨૦/૬૪૭, વિકાસનગર,
જનતાનગર, અમરાઈવાડી,
અમદાવાદ.

**વિરુદ્ધ**

**સામાવાળા : મેનેજરશ્રી,**
**આશીમા ડાયકોટ લી.,**
ટેક્સેલેન્સ કોમ્પલેક્ષ,
ખોખરા મહેમદાવાદ,
અમદાવાદ–૩૮૦૦૨૧.

હાજર રહ્યા : અરજદાર તરફે : વિ.વકીલ શ્રી પી.પી. ઝવેરી.
સામાવાળા તરફે : વિ.વકીલ શ્રી એન.વી. જોષી.

**–:: હુ ક મ ::–**

આ કામે અરજદારે જી.આઈ.આર.એક્ટની કલમ–૭૮–૭૯ મુજબ આંક–૧ ની અરજી અરજદારને ગેરકાયદેસર રીતે મૌખિક હુકમથી નોકરીમાં તા.૧૩–૧૨–૨૦૧૧ નાં રોજ છુટા કરેલ હોય અરજદારને પડેલા દિવસોનાં પુરા પગાર સાથે મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા તેમજ અરજીનો ખર્ચ અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે. સદર કામ સામાવાળાનાં પુરાવાનાં સ્ટેજે પેન્ડીંગ હોય પક્ષકારોનાં પ્રતિનિધિશ્રીઓએ આંક–૧૫ થી લેખિત સમાધાનનો લેખ આપી જણાવેલ છે કે,અરજદારને સામાવાળા મીલ કંપનીએ રૂા.૧,૫૦,૦૦૦/– ફુલ એન્ડ ફાયનલ સમાધાન પેટે આપેલ હોવાનું જણાવેલ છે. હવે કોઈ રકમ લેવાની રહેતી નથી તેમ જણાવેલ છે. પક્ષકારોને સમાધાનની હકીકત કોર્ટ રુબરુ વાંચી સંભળાવતા તે કબુલ મંજુર રાખી તેમાં તેઓની સહી હોવાનું ઓળખી બતાવતા હોય આંક–૧૫ નો સમાધાનનો લેખ રેકોર્ડેડ કરવામાં આવેલ છે. આમ, હાલનાં કેસમાં આંક–૧૫ થી શરતો સાથેનું સમાધાન રજુ થયેલ હોઈ, તેથી હાલની અરજી આંક–૧૧ નાં સમાધાન મુજબ આજરોજ લોક–અદાલતમાં ફેંસલ કરવામાં આવે છે.

સદરહુ સમાધાનની શરતોને હુકમનો એક ભાગ ગણવો. ખર્ચ અંગે હુકમ નથી.

**તારીખઃ૧૧–૦૨–૨૦૨૩** **( અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**સ્થળઃ અમદાવાદ.** **CODE : GJ01031**
**પ્રિસાઈડીંગ ઓફીસર,**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

F.M.Kadri,P.S.